**SCW–૧૨** ડાૅ.પી.જી.સોલંકી અનુસૂચિત જાતિના તબીબી અનુસ્નાતક કક્ષાના ડૉકટરોને સહાય યોજનામાં સહાયની રકમમાં વધારો કરવાની રૂ.૦.૦૩ કરોડની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: **SJED/ASO/e-file/17/2024/2279/G**

સચિવાલય, ગાંધીનગર

તા:૦૯/૦૪/૨૦૨૫

<u>વંચાણે લીધા:-</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૪/૧૦/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: એસ.સી.ડબલ્યુ/૧૦૧૫/૬૦૧૪૦૫/ગ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૩/૧૦/૨૦૨૫નો પત્ર ક્રમાંક : અજાક/મ-૫/૨૦૨૪/૬૩૧૫-૧૬

(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૧/૦૩/૨૦૨૫નો પત્ર ક્રમાંક : **DSCWG/YRW/e-file/224/2025/0419/M**

<u>આમુખ:</u>

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના વિભાગના તા:૨૪/૧૦/૨૦૧૬ના સંકલીત ઠરાવથી રાજ્યમાં SCW –૧૨ ડૉ.પી.જી.સોલંકી અનુસૂચિત જાતિના તબીબી અનુસ્નાતકો એમ.ડી/એમ.એસ. ને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે રૂ.૫૦,૦૦૦/- સહાય અને રૂ.૩.૦૦ લાખ લોન આપવાનું ઠરાવવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના તા.૦૩/૧૦/૨૦૨૪ના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા હાલની મોંઘવારીના સમયમાં આ યોજના હેઠળ આપવામાં આવતી સહાયની રકમ અપુરતી જણાતી હોઈ હાલમાં આપવામાં આવતી સહાયની રકમમાં રૂ.૫૦,૦૦૦/- નો વધારો કરી ૫ લાભાર્થીઓ માટે કુલ રૂ.૧,૦૦,૦૦૦/- પ્રમાણે, રૂ.૦.૦૩ કરોડની નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો વર્ષ :૨૦૨૫-૨૬ ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૩) પરના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા ઉક્ત નવી બાબતને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ છે. પ્રસ્તુત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

કાળજીપુર્વકની વિચારણાને અંતે, ડૉ.પી.જી.સોલંકી અનુસૂચિત જાતિના તબીબી અનુસ્નાતકો એમ.ડી/એમ.એસ.ના લાભાર્થીઓને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે હાલમાં આપવામાં આવતી રૂ.૫૦,૦૦૦/-ની સહાયની રકમમાં રૂ.૫૦,૦૦૦/- નો વધારો કરી કુલ રૂ.૧,૦૦,૦૦૦/-ની સહાય કુલ ૫ લાભાર્થીઓને આપવાની રૂ.૦.૦૩ કરોડની નવી બાબતને નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો:</u>

(૧) આ યોજનાનો લાભ ફક્ત અનુસુચિત જાતિના એમ.ડી/એમ.એસ થયેલ ડોક્ટરોને મળવાપાત્ર થશે.

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 09-Apr-2025 (11:54 AM)

(૨) આ યોજનામાં આપવામાં આવેલ સહાય જે હેતુ માટે આપવામાં આવે તે હેતુ માટે ઉપયોગ કરવાનો રહેશે. લાભાર્થી જો સહાયની રકમનો બીજા હેતુ માટે ઉપયોગ કરશે, તો સહાયની અપાયેલ રકમ ચુકવ્યાની તારીખથી એકી સાથે દંડનીય વ્યાજ સહિત વસુલ કરવામાં આવશે અને જરૂર પડ્યે મહેસુલી રાહે પણ વસુલ કરવામાં આવશે.

(૩) સદરહુ યોજનાની મંજૂરી સમયે રજૂ કરવામાં આવેલ પરિશિષ્ટમાં દર્શાવેલ સંપૂર્ણ વિગતોનુ ચુસ્તપણે પાલન કરવાની જવાબદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીની રહેશે.

(૪) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીએ રાખવાની રહેશે.

(૫) ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૬) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ **(GeM)** પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ **GeM Portal** પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર **(No Objection Certificate)** મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્રિત કરવાની રહેશે.

(૭) નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે **DBT** પધ્ધતિથી **/DBT Portal /C.M Dash Board** અપનાવવાનું રહેશે.

(૮) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૯) **Social Audit** અને **Third party Verification** પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૧૦) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૩) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૫) અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઇ નવી સેવા અથવા સેવાના નવા સાધન માટે અંદાજપત્રમાં માંગણી મંજૂર કરવામાં આવી હોય અને એ બાબતે બે વર્ષ સુધી કોઇ ખર્ચ કરવામાં આવ્યુ ન હોય, તો પછી વિધાનમંડળની મંજૂરી રદ્દ થઇ ગયેલ સમજવી. ત્યારબાદ જો તે બાબત પર ખર્ચ કરવાનુ આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજૂરી મેળવવાની રહેશે.

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 09-Apr-2025 (11:54 AM)

(૧૬) આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્ર માંગણી ક્રમાંક: ૯૫, મુખ્ય સદર : ૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુ.જનજાતિઓ, અન્ય પછાત વર્ગો કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૧-અનુસૂચિત જાતિઓનુ કલ્યાણ, ગૌણ સદર: ૧૦૨-આર્થિક વિકાસ, પેટા સદર: ૦૨ SCW– ૧૨ ડૉ.પી.જી.સોલંકી અનુસૂચિત જાતિના તબીબી અનુસ્નાતક કક્ષાના ડૉકટરોને સહાય હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૫/૪/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 09-Apr-2025 (11:54 AM)

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા. અને અ.વિ. સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.અને અધિકારિતા વિભાગ), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સેક્શન અધિકારીશ્રી(કોમપ્યુટર સેલ) સા.ન્યા. અને અ.વિ. , સચિવાલય, ગાંધીનગર, વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૫